ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૭૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

---

**અખબારી યાદી** **તા. ૧૧-૧૦-૨૦૨૨**

- **વડાપ્રધાનશ્રીની ગુજરાત મુલાકાત બાદની કોંગ્રેસ પક્ષની પ્રતિક્રિયા અને ભારતીય જનતા પક્ષને સવાલ : આલોક શર્મા**
- **વડાપ્રધાનશ્રીએ અમદાવાદમાં આવેલા સરદાર સ્મારકની મુલાકાત તેમના જીવનકાળમાં લીધી હોય તો જાહેર જીવન છોડી દઈશ : ડૉ. જીતુ પટેલ**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ રાજીવ ગાંધી ભવન ખાતે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રવક્તા શ્રી આલોક શર્માએ જણાવ્યું હતું કે, આપ જાણો છ જો કે આપણા દેશના પ્રધાનમંત્રી હાલમાં ગુજરાતના ત્રણ દિવસના પ્રવાસે હતા. તેઓને મારે પુછવુ છે કે, આપ દેશના પ્રધાનમંત્રી છો કે ભાજપના પ્રચારમંત્રી એ ગુજરાતની જનતા સમજી શકતી નથી. ગુજરાતની જનતા જાણે છે કે વારંવાર આપશ્રી એકવાર શરૂ થયેલા પ્રોજેક્ટને ફરીથી ઉદઘાટન કરી રહ્યાં છો. શું આ સારી વાત છે ? વડાપ્રધાનશ્રીએ કહ્યું કે, અર્બન નક્શલવાદ દેશને નુકસાન તરફ દોરી રહ્યો છે ત્યારે તેમના જ મંત્રી નિત્યાંનંદજીએ જણાવ્યું હતું કે, અર્બન નક્શલ જેવી શબ્દાવલી આપણા દેશમાં ઉપલબ્ધ નથી. આપે કહ્યું કે વિદેશોથી અર્બન નક્શલવાદ આવી રહ્યો છે અને દેશને નુકસાન કરી રહ્યો છે. છેલ્લા આઠ વર્ષમાં ભાજપ સરકાર છે તો શા માટે તેના ઉપર પગલા લીધા નથી. શું તમારી સરકાર પકોડા તળી રહી હતી. આપે કહ્યું કે, હું ગુજરાતના આદિવાસી સમાજનો આભાર માનું છું કે, નક્શલવાદને તેમણે ટેકો નથી આપ્યો. તો શું દેશના આદિવાસીઓ નક્શલવાદને ટેકો આપે છે ? આ વાત એ આદિવાસી સમાજ માટે અપમાનજનક છે. અર્બુન નક્શલવાદની વાત કરીને શું આપનો ઈશારો 107 કેસવાળા ભારતીય જનતા પક્ષના ગુજરાતના પ્રમુખ તરફ તો નથી ને ? કે પછી આર.એસ.એસ. ગુંડાઓ તરફ તો નથી ને કે જે રોજબરોજ પોતાની વાતોમાં ઝેર ઓકે છે ? આજના મોદી સાહેબના વક્તવ્ય સાંભળ્યું. સૌ પહેલા તો અમે પદ્મશ્રી ડૉ. એચ.એલ.ત્રિવેદીને યાદ કરીએ છીએ કે જેમણે 1981માં સિવીલમાં કિડની હોસ્પિટલની શરૂઆત કરી હતી. આજે આપે કહ્યું કે, ગુજરાતમાં 36 મેડીકલ કોલેજ છે. તો ગુજરાતની જનતા 36 મેડીકલ કોલેજનું લીસ્ટ જાણવા માંગે છે ? એમાની કેટલી કોલેજ સરકારી છે અને કેટલી પ્રાઈવેટ છે ? કેટલી એવી છે કે જે સરકારી હોવા છતાં આપે આપના ઉદ્યોગપતિ મિત્રોને આપી દીધી છે. જનતા એ પણ જાણવા માંગે છે કે, 1953માં જે હોસ્પિટલની આધારશીલા રખાઈ હોય જેમાં વર્ષમાં હાલમાં 10 થી 11 લાખ દર્દીઓ સારવાર લેતા હોય એ જ હોસ્પિટલમાં વારંવાર આવીને આપ આવા પ્રકારના ઉદઘાટન કરી રહ્યાં છો તે શું યોગ્ય છે ? કોરોનામાં શા માટે ઓક્સીઝન, વેન્ટીલેટર, માસ્ક પર જી.એસ.ટી.લગાડવામાં આવ્યો ? કોરોના સમયમાં 108ની સિવિલ હોસ્પિટલ બહાર લાઈન લાગેલી હતી અને સ્મશાનની ચીમનીઓ લાલ થઈ ગઈ હતી ત્યારે આપના મંત્રીઓ ક્યાં હતાં? તમારી જ સરકારના રીપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, 60 ટકાથી વધારે બાળકો કૃપોષિત જન્મી રહ્યાં છે. શું આ જ આપની ઉપલબ્ધી છે ? હિંદુસ્તાન આપના વડાપ્રધાન બન્યા બાદ ભુખમરાના ઈન્ડેક્સમાં શા માટે સૌથી નીચે આવી ગયો ? જે કંપનીએ સિવિલ હોસ્પિટલને નકલી વેન્ટીલેટર સપ્લાય કર્યા હતા તેના ઉપર શું પગલા લેવામાં આવ્યા ? કોરોનાના સમયમાં બનાવેલ પી.એમ. કેર ફંડનો અત્યાર સુધી હિસાબ આપવામાં નથી આવ્યો ? આપ જ્યારે ગુજરાતમાં મુખ્યમંત્રી હતા ત્યારે જો એકપણ સરકારી હોસ્પિટલ કે મેડીકલ કોલેજ માટે જમીન ફાળવીને તે બનાવવામાં આવી હોય તેનું નામ આપો ? આપે ગુજરાતના આરોગ્ય માળખાનું પણ ખાનગીકરણ કરી નાખ્યું છે. આપે જ્યારે ગુજરાતના મુખ્યમંત્રીની ધરા સંભાળ્યી ત્યારે ગુજરાતનું દેવુ 9000 કરોડ હતું આજે ત્રણ લાખ કરોડનું દેવું છે. તમે દેવુ મુક્ત કરવાની જગ્યાએ દેવાની સરકાર આપીને ગયા છો. ભારતીય જનતા પાર્ટીએ આટલુ બધુ સારુ કામ કર્યું તો શા માટે એક વર્ષ પહેલા મુખ્યમંત્રી સહિત આખી સરકારના

મંત્રીમંડળને બદલવાની આપને ફરજ પડી. શું કારણ છે કે ગુજરાતની અંદર હાલના સમયમાં હજારો કરોડનું ડ્રગ્સ પકડાઈ રહ્યું છે. શું ક્યાંક તમે ડ્રગ્સની બિમારી તો ગુજરાતને નથી સોંપી રહ્યાં ? 20-22 વર્ષ જુની બિમારીઓને યાદ કરો છો પરંતુ હાલના સમયની મંદી, બેરોજગારી, મહિલા સુરક્ષા અને ડ્રગ્સની બદીની બિમારીની શા માટે ચર્ચા નથી કરી રહ્યાં ? કોરોનાના સમયમાં જે લોકોની મૃત્યુ થયા છે તેમના પરિવારજનોને ચાર લાખ રૂપિયા ક્યારે મળશે ? કોરોના બાદ શા માટે મુખ્યમંત્રી સહિત મંત્રી મંડળને બદલવામાં આવ્યું ? જનતાના ટેક્સના પૈસાથી આપ ચૂંટણી પ્રચાર કરો છો તે શુ યોગ્ય છે ? લમ્પી વાયરસથી ગુજરાતમાં લાખો ગાયોના મૃત્યુ થયા તેનું વળતર ક્યારે આપશો ?

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ ડૉ. જીતુભાઈ પટેલ પત્રકાર પરિષદને સંબોધન કરતા જણાવ્યું હતું કે, આજના સિવિલ હોસ્પિટલના ઉદઘાટનમાં મોદી સાહેબે 110 એકરની જમીન જે તે વખતે કોંગ્રેસ સરકારે લઈને જેના દાનથી આ હોસ્પિટલ શરૂ થઈ તેવા હઠીસિંગ અને પ્રેમાભાઈનું નામ કર્યું હોત તો વિશેષ આનંદ થાત. પરંતુ પાયામા જે છે તેને ભુલી જઈને ફક્ત પોતાની વાહવાહી કરવામાં આવી રહી છે. જો મોદી સાહેબે આજે કહ્યું હોત કે હું કોરોના સમયે એમ્બ્યુલન્સ ન મળવા બાબતે માફી માંગુ છું. હું ગુજરાતની પ્રજાની મેડીકલ બેડ ન મળવા માટે માફી માંગુ છું. ઓક્સિઝન ન મળવા માટે માફી માંગુ છું. રેમડેસીવીર ઈન્જેક્શન પાટીલ સાહેબે 5000ની સંગ્રહખોરી કરી માટે તેના કાળાબજાર થયા તેના માટે માફી માંગુ છું. અમારા પૂર્વ મુખ્યમંત્રીના સગાઓએ ફેક ધમણ વેન્ટીલેટર પધરાવ્યા તેના માટે માફી માંગુ છું. સ્મશાનમાં લોકોએ લાઈન લગાવી પડી તેના માટે હું માફી માંગુ છું. મને એ બાબતનો આનંદ છે કે મોદી સાહેબ જે ઉદઘાટનો કરે છે તેની બધ્ધીજ ભૂમિ કોંગ્રેસ સરકાર દ્વારા આવંટીત કરવામાં આવી છે. જે પ્રમાણે મોંઘવારી વધી રહી છે જે પ્રમાણે વેપારીઓની પીડા વધી રહી છે એ પ્રમાણે હૃદયરોગની હોસ્પિટલની જરૂર પડવાની. જે પ્રમાણે બેરોજગારી વધી રહી છે અને યુવાનો માનસિક હતાશામાં છે તેના માટે માનસિક હોસ્પિટલોની જરૂર પડશે અને એમના પક્ષના લોકો માટે બ્રેઈન ટ્રાન્સપ્લાન્ટની હોસ્પિટલોની પણ ભવિષ્યમાં જરૂર રહેશે. દુનિયાની અંદર જ્યારે ભયાનક રોગો હતા ત્યારે કોંગ્રેસની સરકારે શીતળાની નાબુદી કરી, કોંગ્રેસની સરકારે પોલીઓની નાબુદી કરી, મોદી સાહેબના હાથ ઉપર જે ટીકા કરણ થયેલુ છે એ પણ કોંગ્રેસની સરકારોમાં થયેલુ છે. સ્ટેચ્યુ ઓફ યુનિટીના નામે તમે ચીનમાંથી બનાવીને આજુબાજુની જમીનો હડપ કરવાનો કારસો સરદારના નામે કરી રહ્યાં છો. વડાપ્રધાનશ્રીએ અમદાવાદમાં આવેલા સરદાર સ્મારકની મુલાકાત તેમના જીવનકાળમાં લીધી હોય તો જાહેર જીવન છોડી દઈશ. કોંગ્રેસે કરેલા કાર્યોના પરિપક્વરૂપે જ્યારે વિવિધ સંસ્થાઓ ઉભી થયેલ હોય અને એ સંસ્થાઓમાં આજે પણ તમે કઈક નવુ કરી શકો છો. તે જ કોંગ્રેસની ઉપલબ્ધી છે.

આ વિશેષ પત્રકાર પરિષદમાં જંબુસરના ધારાસભ્યશ્રી સંજય સોલંકીએ હાજર રહીને જણાવ્યું હતું કે, છેલ્લા કેટલાક સમયથી મીડીયા સમુહ માધ્યમોમાં ચાલી રહેલા સમાચાર એ તથ્ય અને પાયા વિહોણા છે કોંગ્રેસ પક્ષ એ મારૂ ગૌત્ર છે અને હું સંપૂર્ણ પણે કોંગ્રેસ પક્ષ સાથે જોડાયેલ છું. આગામી વિધાનસભાની ચૂંટણીમાં ભરૂચ જીલ્લાની તમામ બેઠકો ઉપર કોંગ્રેસ પક્ષનો પંજો જવલંત વિજય મેળવશે તેમજ જંબુસર બેઠકપરથી પણ કોંગ્રેસ જંગી બહુમતિથી જીતશે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કોર્ડીનેટરશ્રી હેમાંગ રાવલ, પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા પેનાલીસ્ટ શ્રી હિરેન બેંકર અને ડૉ. અમિત નાયક પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

હેમાંગ રાવલ
મીડીયા કોર્ડીનેટર